ફોન નં.(૦૨૭૮)૨૫૨૧૭૬૦,૨૫૨૧૭૬૧, ૨૫૨૧૭૬૨ ફેક્સ નં. (૦૨૭૮) ૨૫૨૧૭૬૩

# પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ
## ગ્રાહક તકરાર નિવારણ ફોરમ

ઝોનલ કચેરી, "વીજ સેવા સદન", ચાવડી ગેટ,ભાવનગર.
CIN : U40102GJ2003SGC042908
e-mail: forumbhavnagar.pgvcl@gebmail.com

ક્રમાંક : બીઝેડ/ફોરમ/૫૪/૧૮–૧૯/ 4107 તારીખ 14 SEP 2018

**આર.પી.એ.ડી.**

પ્રતિ,
શ્રી બોરીસા દેવજીભાઈ અરજણભાઈ,
૨૬, સત્તાધાર સોસાયટી,
અમાઈ વાડી, ગોપાલનગર,
અમદાવાદ– ૩૮૦ ૦૨૬.

**કેસ નં.: ૫૪/૧૮–૧૯**

**વિષય: ખેતીવાડી વીજ વપરાશના કનેકશનના બાબત.**

**સંદર્ભ:** (૧) આપનો પત્ર તા.૧૧–૦૬–૧૮.
(૨) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૫૪/૧૮–૧૯/૨૭૬૨ તા.૨૧/૦૬/૨૦૧૮.
(૩) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૫૪/૧૮–૧૯/૩૮૩૪ તા.૨૮/૦૮/૨૦૧૮.

શ્રીમાન,

આપશ્રીની, ઉપરોકત વિષયના સંદર્ભમાં આપના દવારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગર સમક્ષ કરેલ રજુઆતના સંદર્ભમાં આપશ્રીને ફોરમ સમક્ષ **તા.૦૭/૦૯/૨૦૧૮** નાં રોજ સાંભળવામાં આવેલ. જેના સંદર્ભમાં ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ દવારા આપવામાં આવેલ ચુકાદો આ સાથે સામેલ છે.

આપશ્રીની જાણ સારૂ.

(એમ.પી. સોલંકી)
**કન્વીનર,**
**ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ**
**પીજીવીસીએલ., ઝોનલ કચેરી ભાવનગર.**

**બિડાણ:– ઉપર મુજબ.**

પ્રતિ: કાર્યપાલક ઇજનેરશ્રી,
પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ
વિભાગીય કચેરી, **પાલીતાણા.**
*........ગુજરાત વિધુત નિયંત્રક આયોગના જાહેરનામા નં. ૨/૨૦૧૧ની કલમ નં. ૨.૫૨ મુજબ સદર હુકમનાં પાલન અંગે થયેલ કાર્યવાહીનો જરૂરી અહેવાલ અત્રેની ફોરમ કચેરીને ફરજીયાત પાઠવવાનો રહેશે.*

**નકલ રવાના:–**
૧) શ્રી અધિક્ષક ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, વર્તુળ કચેરી, **ભાવનગર.**
૨) શ્રી નાયબ ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, પેટા વિભાગીય કચેરી, **ગારીયાધાર–૨.**
...આપની જાણ તથા જરૂરી કાર્યવાહી અર્થે.

Consumer Grievance Redressal Forum
PGVCL
Bhavnagar

(ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ,ભાવનગર સમક્ષ)

ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,
પ.ગુ.વી.કં.લિમીટેડ, ઝોનલ ઓફિસ,
"વીજ સેવા સદન", ચાવડી ગેટ,
ભાવનગર.

**કેઈસ નંબર – ૫૪/૧૮–૧૯**

વાદી :– શ્રી બોરીસા દેવજીભાઈ અરજણભાઈ

**વિરૂધ્ધ**

પ્રતિવાદી :– પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ

**રજુઆતની તારીખ:– ૦૭/૦૯/૨૦૧૮**

હાજર રહયા :– શ્રી બોરીસા દેવજીભાઈ અરજણભાઈ

પ્રતિવાદી :– શ્રી જે.એસ.પરમાર, નાયબ ઈજનેર, વિભાગીય કચેરી, પાલીતાણા.
(પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ વતી)

શ્રી બોરીસા દેવજીભાઈ અરજણભાઈ, મુ.અમદાવાદ ની નવા ખેતીવાડી વીજ વપરાશના કનેકશન બાબતની રજુઆત કન્વીનરશ્રી, ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગરને મળતાં, ફોરમે તેનાં ફરિયાદ રજીસ્ટરમાં ક્રમાંક : ૫૪ / ૧૮–૧૯ થી નોંધી તેનાં યોગ્ય નિરાકરણ માટે અધિક્ષક ઈજનેરશ્રી, વર્તુળ કચેરી, ભાવનગરને પત્ર નં.બીઝેડ/ફોરમ/ ૫૪/ ૧૮–૧૯/ ૨૭૬૨ તા.૨૧/૦૬/૨૦૧૮ થી વાદીશ્રીની જાણ હેઠળ મોકલી આપેલ.

આમ છતાં, ફોરમે વાદીશ્રીને તેમની ફરિયાદ બારામાં લેખીત / મૌખીક રજુઆત કરવા તા.૦૭/૦૯/૨૦૧૮ નાં રોજ ઉપસ્થિત રહેવા જણાવેલ. જેમાં વાદી શ્રી બોરીસા દેવજીભાઈ અરજણભાઈ પોતે હાજર રહેલ તથા પ્રતિવાદી શ્રી જે.એસ.પરમાર, નાયબ ઈજનેર, વિભાગીય કચેરી, પાલીતાણા ઉપસ્થિત રહેલ.

**વાદીશ્રીની રજુઆત:– ફોરમને કરેલ લેખિત અરજી મુજબ રજુઆત છે કે...**

૧.૧ વાદી શ્રી દેવજીભાઈ અરજણભાઇ બોરીચા ગામ.ભંડારીયા (રહે. અમદાવાદ), તા. ગારીયાધાર, જી. ભાવનગર ના સર્વે નંબર ૪/૧ પૈકી૧/૨ માં નવીન ખેતીવાડી વીજ જોડાણની માંગણી કરેલ છે.

૧.૨ ઉપરોક્ત વીજ જોડાણ માટે ગારીયાધાર-૨ પેટા વિભાગીય કચેરી દ્વારા તારીખ ૦૪.૦૩.૨૦૧૮ ના રોજ અંદાજ પત્ર મોકલેલ છે. પરંતુ અમો અમદાવાદ રહેતા હોવાથી અમોને તે અંદાજપત્ર મળેલ નથી.

૧.૩ અમો જયારે ગારીયાધાર પેટા વિભાગીય કચેરીનો સંપર્ક કરતા અમોને રૂબરૂ અંદાજ પત્ર તારીખ ૦૭/૦૬/૨૦૧૮ ના રોજ આપવામાં આવેલ છે.

૧.૪ અમોને કોઈ બીજી જાણ કરેલ નહી હોવાથી મને વીજ જોડાણ મળેલ નથી. ગારીયાધાર પેટા વિભાગીય કચેરી ના ઇજનેર નહી આપતા હોવાથી મને વીજ જોડાણ મળેલ નથી.

૧.૫ મને આપની ઓફિસ આવવા મજબુર કરે છે. ગારીયાધાર કચેરી દ્વારા ફોન દ્વારા પત્રની જાણ કરેલ નથી. અંદાજ પત્ર ફરી આપવા જરૂરીયાત છે.

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar

..❷..

☛ **પ્રતિવાદીશ્રીની રજુઆતઃ- તેમની રજુઆત છે કે,**

૨.૧ વાદી શ્રી દેવજીભાઈ અરજણભાઇ બોરીચા ગામ. ભંડારીયા (રહે.અમદાવાદ), તા.ગારીયાધાર, જી.ભાવનગર ના સર્વે નંબર ૪/૧ પૈકી૧/૨ પર ૧૦ એચ.પી. નું ખેતીવાડી વીજ જોડાણ માટે અરજીની નોંધણી કરાવેલ છે.

૨.૨ અરજીની નોંધણી અત્રેની કચેરીએ રૂપિયા ૨૦૦/- પહોંચ નંબર.૩૭૭૫૮૯ થી ભરપાઈ કરી તારીખ ૨૧.૦૧.૨૦૧૭ ના રોજ અરજીની નોધણી કરેલ છે.

૨.૩ ત્યાર બાદ તેઓ S C P સ્કીમમાં ખેતીવાડી વીજ જોડાણ લેવા માંગે છે તેવી લેખિત રજૂઆત તારીખ ૦૪.૦૭.૨૦૧૭ ના રોજ કરેલ છે. જે અંગેના જરૂરી દસ્તાવેજો ગારીયાધાર પેટા વિભાગીય કચેરીમાં રજુ કરેલ છે.

૨.૪ વાદીની તારીખ ૦૪.૦૭.૨૦૧૭ ની અરજીના આધારે ૭.૫% સ્કીમમાં સર્વે કરીને અરજદારને રૂપિયા ૧૪,૧૨૦/- નું અંદાજપત્ર તારીખ ૦૪.૦૩.૨૦૧૮ ના રોજ જાવક નંબર GSD2/T/૧૨૯૭ નંબર થી મોકલવામાં આવેલ પરંતુ પોસ્ટ ખાતા દ્વારા **"માલિક બહારગામ રહેતા હોવાથી પરત"** રીમાર્કસ સાથે ગારીયાધાર પેટા વિભાગીય કચેરીએ પરત કરેલ છે. જે આ સાથે સામેલ છે.

૨.૫ ત્યાર બાદ વાદી દ્વારા સમય મર્યાદા વધારવા તેમજ અંદાજપત્રના નાણા ભરપાઈ કરવા માટે કોઈ તજ વીજ કરેલ નથી કે કોઈ લેખિત રજુઆત કરેલ નથી. જેને લીધે સદર અંદાજપત્રના નાણા ભરપાઈ થયેલ નથી.

૨.૬ વાદી દ્વારા તારીખ ૦૪.૦૬.૨૦૧૮ ના રોજ કચેરીનો રૂબરૂ સંપર્ક કરતા વાદીને અંદાજપત્ર રૂબરૂ આપેલ છે અને સ્વીકારેલ છે જેની સહી છે. જેની નકલ આ સાથે સાથે સામેલ છે.

૨.૭ રૂબરૂ આપેલ અંદાજ પત્રના નાણા ભરવાની સમય મર્યાદા પુર્ણ થઈ ગયેલ હોય નાણા સ્વીકારવામાં આવેલ નથી. સદર વીજ જોડાણની અરજી રદ કરવા અંગેની જાણ પણ વાદીને પેટા વિભાગીય કચેરીના જાવક નંબર GSD2/T/૪૭૬૧ તારીખ ૦૪.૦૬.૨૦૧૮ ના રોજ કરવામાં આવેલ છે. જેની નકલ આ સાથે સામેલ છે.

૨.૮ આમ, સદર અરજદાર દ્વારા સમય મર્યાદામાં અંદાજ પત્રની રકમ ભરપાઈ કરેલ ન હોવાથી ઉપરોક્ત નવા ખેતીવાડી વીજ જોડાણ અંગેની કાર્યવાહી કરવામાં આવેલ નથી.

૨.૯ હાલ પણ SCP યોજના હેઠળ વીજ જોડાણને અગ્રતાના ધોરણે ખેતીવાડી વીજ જોડાણો આપવામાં આવે છે. જો આ અરજદાર ફરીથી રૂપિયા ૨૦૦/- ભરી અરજી નોંધાવે તો તેને ખેતીવાડી વીજ જોડાણ આપવા અંગેની આગળની કાર્યવાહી કરી શકાય તેમ છે પાલીતાણા વિભાગીય કચેરીમાં હાલમાં સદર સ્કીમ હેઠળ કોઈ અરજી પેન્ડીંગ નથી.

☛ **ફોરમનું તારણ** :- વાદી અને પ્રતિવાદીની રજુઆત ઉપરથી નીચે મુજબ તારણ નીકળે છે.

૩.૧ વાદી અરજદાર બોરીસા દેવજીભાઈ અરજણભાઈ, ગામઃભંડારીયા માં તા.૨૧-૧-૧૭ ના રોજ ખેતીવાડી વીજ જોડાણ માટે અરજી કરેલ.

૩.૨ વાદીએ એસ.સી.પી.સ્કીમમાં તા.૪-૭-૧૭ ના રોજ વીજ જોડાણની માંગણી કરેલ તેના પરથી પ્રતિનિધિએ તા.૪-૩-૧૮ ના રોજ વાદીને અંદાજપત્ર આપેલ. પરંતુ અંદાજપત્રનુ કવર " માલીક બહારગામ રહેતા હોવાથી પરત" ની નોંધ સાથે પોસ્ટ ખાતા ધ્વારા પ્રતિવાદીની કચેરીમાં પરત આવેલ. તેથી વાદી ધ્વારા સમય મર્યાદામાં અંદાજપત્ર ભરપાઈ થયેલ નહી.

૩.૩ વાદીને પ્રતિવાદીની બલ્ક એસએમએસ માં તા.૧૬-૨-૧૮ ના રોજ અંદાજપત્ર ભરવા અંગેનો એસએમએસ મળેલ જે સીઆર પ્રક્રિયાનો એક ભાગ છે. એસએમએસ મળવાથી વાદીએ પ્રતિવાદીની કચેરીમાં અંદાજપત્ર ભરવા માટે સંપર્ક કરેલ. પરંતુ પ્રતિવાદીની કચેરીના અધિકારીએ જણાવેલ કે અંદાજપત્ર આપતા હજુ સમય લાગશે.

૩.૪ વાદી ઘણા સમયથી અમદાવાદ રહેતા હોઈ વાદીએ પ્રતિવાદીની સંલગ્ન કચેરીનાં અધિકારીને અંદાજપત્ર અમદાવાદનાં સરનામે મોકલવા માટે મૌખીક રજુઆત કરેલ, પરંતુ પ્રતિવાદીએ ગામ : ભંડાર ના સરનામે અંદાજપત્ર આપેલ.

Grievance Redressal Forum
P.G V.C.L.
Bhavnagar

૩.૫ વાદીએ ખેતીની અરજી નોંધણી કરાવતા સમયે પોતાનો મોબાઈલ નંબર અરજીમાં જણાવેલ જેથી તા.૧૬-૨-૧૮ ના રોજ વાદીને એસએમએસ મળેલ. અંદાજપત્ર કાઢયા બાદ જો પ્રતિવાદીએ વાદીને મોબાઈલ ધ્વારા જાણ કરી હોત તો વાદી સમયસર અંદાજપત્ર ભરી શકત.

**-:: હુકમ ::-**

- **વાદીની રજુઆત, પ્રતિવાદીની રજુઆત તેમજ ફોરમ સમક્ષ રજુ થયેલ દસ્તાવેજી પુરાવા અને ઉપરના તારણો પરથી તારણ નં.૩.૫ મુજબ ને ધ્યાને રાખી હુકમ કરવામાં આવે છે કે " પ્રતિવાદીએ વાદીને નિયમ મુજબ દિવસ-૧૫ માં અમદાવાદના સરનામે અંદાજપત્ર આપવાની કાર્યવાહી કરવી જે ભરપાઈ થયે વીજ જોડાણ આપવાની કાર્યવાહી કરવી."**
- સદર હુકમ સામે વાદીશ્રીને વાંધો કે તકરાર હોય તો આ હુકમ મળ્યે દિવસ-૩૦ માં વિદ્યુત લોકપાલશ્રીની કચેરી, બ્લોક નં.૩, પોલીટેકનીક કંમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ સમક્ષ અપીલ કરી શકે છે.

| | | |
|---|---|---|
| | ગેરહાજર | |
| **(બી. જે. દવે)** | **(પી. એચ. માવાણી)** | **(એમ. આર. વજરીયા)** |
| **સ્વતંત્ર સભ્યશ્રી** | **ટેકનીકલ સભ્યશ્રી** | **અધ્યક્ષશ્રી,** |
| | | **ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ** |
| | | **પ.ગુ.વિ.કું.લી.:ભાવનગર.** |

તારીખ :-૦૭/૦૯/૨૦૧૮

Consumer Grievance Redressal Forum * P.G.V.C.L. Bhavnagar